અપીલ અરજી નં.૧૮૪ તા.૧૪–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૩–૮–૦૯ નીઅરજીથી તા.૧૪–૫–૦૯ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને હવે પછી શું કાર્યવાહી કરવામાં આવશે તેની સંપુર્ણ માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૪–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૪/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૩–૮–૦૯ નીઅરજીથી તા.૧૪–૫–૦૯ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે અને હવે પછી શું કાર્યવાહી કરવામાં આવશે તેની સંપુર્ણ માહિતી આપવા બાબતે વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વી.આઈ.ડી./૭૮૩ તા.૧–૯–૦૯થી મળેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૪ તા.૧૯–૯–૦૯ થી વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.વીઆઈડી/૮૮૭ તા.૨૪–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારનો તા.૧૪–૫–૦૯ નો પત્રની નકલ, નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૫૮૯ તા.૬–૮–૦૯ નો તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.વીઆઈડી/૭૮૩ તા.૧–૯–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૩–૮–૦૯ ની અરજીથી વિજીલન્સ વિભાગમાં તા.૧૪–૫–૦૯ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવી રહે છે અને હવે પછી શું કાર્યવાહી કરવામાં આવશે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.વીઆઈડી/૭૮૩ તા.૧–૯–૦૯ થી '' બેગમપુરા દુધારાશેરીના નાકે આવેલ જાળીયું ચોરાઈ ગયેલ હોવાની પ્રીમોન્સુન કામગીરીના ભાગરૂપે અને રસ્તે અવર જવર કરતાં રાહદારીને કોઈ નુકશાન ન થાય તે હેતુથી તાત્કાલીક તા.૭–૫–૦૯ ના રોજ સેન્ટ્રલ ઝોન ધ્વારા આ જગ્યાએ નવું જાળીયું બેસાડવામાં આવેલ છે. અને આ અંગે કોઈ પોલીસ ફરીયાદ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારના તા.૨૬–૯–૦૮ ના પત્રમાં જણાવ્યા મુજબ ઢાંકણ અને જાળીયા ચોરવા બાબતની વધુ તપાસની કાર્યવાહી હાલ ચાલુ છે. '' તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૧૪–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી અપીલ મુદ્દા નં.૧ મને જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે અને સંતોષકારક નથી. પરંતુ અરજદારે તે અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. અપીલ મુદ્દા નં.૨ શાસકપક્ષના નેતા ભીમજીભાઈ પટેલે ઉધનાના ભંગારના ગોડાઉનમાંથી જે ડ્રેનેજના ઢાંકણ ચોરાયેલા પકડાયેલા તેની ફરીયાદ ઉધના પોલીસ ચોકીમાં નોંધાવવામાં આવેલ. ડ્રેનેજ ઢાંકણના બીલ ન હોવાથી પોલીસ ફરીયાદ ન થઈ શકે તેવી રૂબરૂમાં રજૂઆતમાં જણાવેલ તો પછી શાસકપક્ષના નેતાએ ડ્રેનેજના ઢાંકણ બાબતે પોલીસ ફરીયાદ કરી તો પછી આ જે ઢાંકણ ચોરાયાની ફરીયાદ કરેલ તેના અનુસંધાને શા માટે પોલીસ ફરીયાદ ન કરી. અપીલ મુદ્દા નં.૩ અમે જે વિગતવાર અરજી કરી તે સાચી માહિતી અપાય છે જે સુરત મહાનગરપાલિકા તરફથી રફે દફે કરવામાં આવે છે શા માટે . અપીલના મુદ્દા નં.૪ મે જે વિગતવાર અરજી કરેલ જેમાં જુદી જુદૃ જગ્યાએ ડ્રેનેજના ઢાંકણ ચોરવાની વિગતવાર અરજી કરેલ છે તો પછી શા માટે મને એક જ જગ્યાની માહિતી આપવામાં આવી. અપીલના મુદ્દા નં.૫ ડ્રેનેજ વિભાગની જવાબદારી આવતી હોય તો ડ્રેનેજના ઢાંકણ ચોરાય છે તે વિભાગ તરફથી પણ શા માટે પોલીસ ફરીયાદ કરવામાં ન આવી આમ આખરે જે રેવન્યુ ખોટ સુરત મહાનગરપાલિકાને જ થાય છે. તેવી રજૂઆત અપીલ તબકકે અરજદારે મુળ અરજીથી અલાયદી કરેલ છે. અપીલના મુદ્દા નં.૨ અને ૫ અંગે વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીમાં અપીલના આધારો જે રજૂ કરવામાં આવ્યા છે તેમાં શા માટે પોલીસ ફરીયાદ ન કરવાનો ઉલ્લેખ કરેલ છે જે અન્વયે આરટીઆઈ સેલના પત્ર નં.૫૫૯ તા.૨૮–૮–૦૯ માં જણાવ્યા મુજબ આરટીઆઈની વ્યાખ્યામાં આવા પ્રશ્નનો જવાબનો સમાવેશ થતો નથી જેથી અરજદારને વધુ કોઈ જવાબ આપવાનો રહેતો નથી તેવું જણાવેલ છે. તથા અપીલના મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપાયેલા જવાબમાં ડ્રેનેજના ઢાંકણ તથા જાળીયા તેમજ ડ્રેનેજ વિભાગની સલાબતપુરાના તા.૨૬–૯–૦૮ ના ઢાંકણ ચોરાવા બાબતે તપાસ ચાલુ હોવાનું જાહેર માહિતી અધિકારીએ તેમની આપેલી માહિતીમાં જણાવેલ છે. આમ અરજદારને મુળ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી પોલીસ ફરીયાદની વિગત સિવાયની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પોલીસ ફરીયાદ શા માટે ન કરવામાં આવી? તે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા આરટીઆઈ સેલના પત્રનો સંદર્ભ આપી ''શા માટે '' ની માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. સદર પત્ર ધ્વારા સરકારશ્રીના પત્ર નં. પરચ/૧૦૨૦૦૯/૪૧૧૮/પી તા.૧૦–૮–૦૯ થી પરિપત્રિત ગોવા ઉચ્ચ અદાલતના આરટીઆઈ કેસમાં ચુકાદાની નકલ રવાના કરવામાં આવેલ.

અરજદારે જાહેર સત્તા મંડળની મિલ્કત– સાધનો જે જાહેર ભંડોળની આવક પૈકીના છે તેની જાળવણી સુરક્ષા અને તપાસ તેમજ અટકાયતી પગલાંના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે. આરટીઆઈ એકટના આમુખ ધ્વારા લોકશાહીમાં સુમાહિતગાર નાગરિકો અને માહિતીની પારદર્શિતાની જરૂરીયાત પર ભાર મુકેલ છે સાથે સાથે સરકાર અને તેના સંશાધનો શાસિતને જવાબદાર રહે તે હેતુ પણ ચરિતાર્થ થયેલ છે. તેમજ સરકારના કાર્યક્ષમ સંચાલન મર્યાદિત નાણાકીય સાધનોના મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતા જાળવવાના અન્ય જાહેર હિતો સાથે સંઘર્ષમયી બનાવે તેવા કિસ્સામાં લોકશાહી આદર્શોની સર્વોપ્રેરિત જાળવી રાખી સંઘર્ષમયી હિતોને સંવાદી બનાવવાની આવશ્યકતાનો ઉદ્દેશની જોગવાઈ કરેલ છે.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મુળ અરજીથી માંગેલ પૈકી નહીં પૂરી પાડેલ " પોલીસ ફરીયાદ" બાબતેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગે અરજદાર કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલગ અરજી ધ્વારા માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ,